સાવધાન : શહેરમાં કોરોનાના ૭ નવા અને ગ્રામ્યમાં બે નવા કેસ

રાંદેસણમાં ૪, કુડાસણમાં ૨ અને સે. ૧ માં એક કેસ મળ્યો : ગ્રામ્યમાં અડાલજમાંથી એક અને કલોલ અર્બન-૨ માંથી એક કેસ મળ્યો : શહેર-જિલ્લામાં હાલ ૬૦ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના ૭ નવા કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ પણ સતર્ક થઈ હવે એલર્ટ મોડ પર આ સંક્રમણની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટેની કાર્યયોજના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તેમજ ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જ કેસો મળી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટ્યા પછી કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકો જે બેફિકરા બન્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. લોકલ ટ્રાન્સમિશન તેમજ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ સામે આવી રહ્યા હોવાથી પણ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. જે પૈકી ત્રણ મહિલા દર્દી છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ કેસ મળ્યા છે જ્યારે સેક્ટરમાંથી એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે રાંદેસણ ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. આ ૪ દર્દી એક જ પરિવારના હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આ પરિવારના એક વ્યક્તી રાંચી ગયા હતા અને ૧૫-૬-૨૨ના રોજ પરત ફરેલ છે જ્યારે અન્ય ત્રણ સભ્યો કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નહિ હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણ ગામે એક ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા મુંબઈ ગયેલ હોવાનું જાણવા મળેલ છે અને ૧૫-૬-૨૨ના રોજ પરત ફરેલ છે.

સે. ૧માં ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું તંત્રની તપાસમાં જાણવા મળેલ છે.

કુડાસણમાં ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી દહેરાદુન જઈ પરત ફરેલ છે. તે પરત આવ્યા બાદ તાવ અને અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા સાતેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૪૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. જિલ્લામાં ત્રીજી લ્હેર

● અનુસંધાન પાન-૭ પર

ઘ-રોડ સ્થિત મહાનગરપાલિકાની ઓફિસ ખૂબ વ્યસ્ત રહે છે. દિવસ દરમ્યાન અહીં મુલાકાતીઓ અને અરજદારોનો મેળો જામે છે. અહીં આવતાં મુલાકાતીઓ પોતાના વાહનો રોડ પર ગમે તેમ પાર્ક કરી દે છે. રોડ પર આડેધડ પાર્ક થતા વાહનો ક્યારેક અકસ્માતો સર્જી શકે છે.

શિક્ષણ માટે પૈસા ખર્ચતી મનપાના શિક્ષણ સેવા મેળવવામાં ઠાગાઠૈયા

મહાનગરપાલિકાએ સરકાર સમક્ષ શરત મુકી છે કે પગાર ખર્ચનું તમામ ભારણ સરકાર પોતે ઉપાડે. મનપાની આ શરતે સરકારના નિર્ણયમાં રૂકાવટ ઉભી કરી છે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકાર શિક્ષણની સેવા મનપાને સોંપવા આતુર છે પણ મનપા દ્વારા આ અંગે ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરની હદ વધતાં ૨૨ જેટલી શાળાઓનો વહીવટ શાસનાધિકારી કચેરીને સોંપવામાં ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ પ્રસ્તાવ પસાર કરી અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને મોકલી આપ્યો છે.

બીજી તરફ મહાનગરપાલિકાએ શાળાઓનો વહીવટ સંભાળવાની તૈયારી બતાવી પણ સરકાર સમક્ષ શરત મુકી છે કે પગાર ખર્ચનું તમામ ભારણ સરકાર પોતે ઉપાડે. મનપાની આ શરતે સરકારના નિર્ણયમાં રૂકાવટ ઉભી કરી છે.

મળતી વિગતો પ્રમાણે પગાર ખર્ચની ૨૦ ટકા જવાબદારી જે તે મનપા અને ન.પા. સંભાળતી હોય છે. ગાંધીનગર શહેર પહેલા નોટીફાઈડ વિસ્તાર હતુ એટલે સરકારી પ્રા. શાળાનો વહીવટ સંપૂર્ણ સરકાર પાસે હતો આ પછી સરકારે આ વહીવટ સંભાળવા માટે શાસનાધિકારીની જગ્યા પણ ઉભી કરી અને કચેરી કાર્યરત કરી છે.

હાલ ગાંધીનગર શહેરમાં ૩૨ સરકારી પ્રા. શાળાનું સંચાલન શાસાનાધિકારીની કચેરી દ્વારા થાય છે. શહેરની હદ વધતાં ૨૨ શાળાઓ પણ શાસનાધિકારી હસ્તક મુકવાનો નિર્ણય તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મનપા સરકારી શાળાઓના રિપેરીંગની કામગીરી તેમજ નવા બિલ્ડીંગ બનાવવાની કામગીરી સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ હાથ ધર્યા હોવાથી સરકારે આ સેવા સોંપવા માટે મન બનાવ્યુ હતુ. ગાંધીનગર શહેર એક જ એવુ છે જ્યાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોવા છતાં સરકારી શાળાઓનો વહીવટ હજુ પણ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

મનપાએ પાંચ શાળાઓ અંગ્રેજી માધ્યમની શરૂ કરવાની કામગીરી કરી અને જુનિ કે.જી. તેમજ સિની. કે.જી.ના વર્ગો શરૂ કર્યા આ શાળામાં શિક્ષકોની પણ કરાર આધારિત નિમણુંકો કરી હવે આ શાળાઓમાં ધો. ૧નો ક્રમિક વર્ગ વધારો કરવામાં આવનાર છે.

મનપાએ આંગણવાડી કેન્દ્રોમાં સોલાર પેનલ અને આર.ઓ. પ્લાન્ટ તેમજ સ્માર્ટ આંગણવાડીઓ બનાવવાનો નિર્ણય કર્યો પરંતુ આ સેવાઓ સંભાળવા માટે જે આનાકાની કરી રહેલ છે તેથી સરકાર પણ મુંઝવણમાં છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષણ વિભાગ અને મનપા વચ્ચે અધિકારીકક્ષાએ હવે ચર્ચાઓ શરૂ થઈ છે. મનપા જો શિક્ષણ સેવા સંભાળે તો આર્થિક ભારણ વધી જાય એમ છે એટલે હવે શું નિર્ણય લેવાય છે તે તો સમય જ કહી શકશે. મનપાની આનાકાનીનો વિજય થાય છે કે સરકારની ઈચ્છાનો....

આગામી ૨૪મીથી ગુજરાતમાં સાંબેલાધાર વરસાદ પડશે

૨૨મી જૂનથી આદ્રા નક્ષત્ર બેસશે ત્યારબાદ ૨૪ થી ૩૦મી જૂન સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં જોરદાર વરસાદ પડશે : અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૦

છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદની રાહ જોવાઈ રહી છે પરંતુ ટુંક સમયમાં મેઘરાજા રાજ્યના તમામ ભાગોમાં મહેર કરશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી તા. ૨૪થી ૩૦મી જૂન સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં જોરદાર વરસાદ પડશે. દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં મેઘરાજા મહેરબાન છે અને અહીં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જોકે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં હજુ વરસાદ થયો નથી. જેના કારણે ખુબ બફારો થઈ રહ્યો છે અને સૌ કોઈ ગરમીથી ત્રસ્ત બન્યા છે. ગરમીથી રાહત મળે તે માટે વરસાદના આગમનની રાહ જોવાઈ રહી છે. વરસાદની રાહ જોનારા સૌને રાહત થાય તેવા સમાચાર છે.

હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી તા. ૨૨મી જૂનથી આદ્રા નક્ષત્ર બેસશે જેના કારણે વરસાદની શક્યતાઓ વધી છે. આગામી તા. ૧૪થી ૩૦મી જૂન સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડશે. મધ્ય ગુજરાતના આણંદ, વડોદરા વિસ્તારમાં પાંચ ઈંચ જેટલો વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ભાગો, ડાંગ, સુરત અને વલસાડ સહિત સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગોમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, હારીજ, બનાસકાંઠા અને સાબરકાંઠાના વિસ્તારોમાં પણ વરસાદની શક્યતાઓ છે. ઉજી જુલાઈ સુધી વરસાદ પડશે. આદ્રા નક્ષત્રનો વરસાદ ખેતપાકો માટે ખૂબ સારો ગણાય છે. જોકે વધુ વરસાદ પડે તો પાક બગડી શકે છે. એકંદરે આ ચોમાસુ ખેડૂતો માટે ઘણુ સારૂ રહેશે.

દહેગામમાં સાંજે ૬ થી ૮માં હળવા વરસાદનું ઝાપટુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન મેઘરાજાની હળવી પધરામણી થતાં તાલુકામાં ઠંડક પ્રસરી જવા પામી છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન ૩ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ અગાઉ આ તાલુકામાં ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. આમ આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં દહેગામમાં ૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લાના ચારેય તાલુકાઓમાં વરસાદની લોકો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. માણસામાં અત્યાર સુધીમાં ૬૫ મી.મી. વરસાદ નોંધાયો છે. કલોલમાં ૨ મી.મી. અને ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

જૂન માસના છેલ્લા સપ્તાહમાં જ ચોમાસુ નિયમિત રીતે બેસતુ જોવા છેલ્લા ૧૫ વર્ષથી જોવા મળી રહ્યુ છે. જોકે જિલ્લામાં આ વખતે ગરમીનો પ્રકોપ માર્ચથી જોવા મળ્યો હતો અને કેરળમાં ચોમાસુ બેસી ગયા પછી હજુ ગુજરાતમાં ચોમાસુ આવ્યુ નથી. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ચોમાસુ જામી ગયુ છે.

જિલ્લામાં ચોમાસુ હજુ બેઠુ ન હોવાથી ખરીફ સિઝનની વાવણી પણ મોડી પડી છે. જિલ્લામાં હજુ ૧૦ ટકા વિસ્તારમાં જ ખરીફ વાવેતર થયુ છે. જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર પણ નીચે ગયા છે.

શહેરી વિસ્તારના ગામોમાં

નળ સે જળ યોજના અન્વયે પાણીની નવી લાઈન નાંખવામાં આવશે

ટુંકમાં નવી લાઇન નાખવાનુ કામ હાથ ધરાશે જેના લીધે ગામના વિવિધ વાસમાં સમયાંતરે ઉભી થતી પાણીની પોકારનો અંત આવશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના શહેરી ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓની કમી વર્તાય છે. જેમાં આકરી ગરમીના દિવસોમાં પણ સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. શહેરી ગામોમાં આમ નાગરિકોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે પાલજ અને ફતેપુરા સહીતના ગામોમાં નવી લાઈન નાંખવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરાશે. જેના અંતે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં આગામી દિવસોમાં પાણીની પોકારનો અંત આવશે.

ગાંધીનગરના શહેરી ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓ પર્યાપ્ત થઈ નથી એકબાજુ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરી વિસ્તારના ગામોમાં હજુ પાણીની પોકાર રોજબરોજ ઉઠવા પામે છે. આકરા ઉનાળામાં પણ શહેરી વિસ્તારના ગામોમાં પુરતો સપ્લાય ન આવતો હોવાની બુમ ઉઠે છે. ભુતકાળમાં આ ગામોના વિવિધ ગામોમાં પાણીના મામલે બેડાયુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી જયારે તંત્રની કચેરીએ ગામડાઓની મહીલાઓએ માટલા ફોડીને પણ વિરોધ વ્યકત કર્યો હોવાના કીસ્સા ધ્યાને આવ્યા છે. જયારે હાલ પાલજ અને ફતેપુરા સહીતના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવી પાઈપ લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરાશે. સરકારે દરેક ગ્રામજનોને સરળતાથી પીવાનુ પાણી મળી રહે તે માટે નળ સે જળ યોજના અમલમાં મુકી છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ આ યોજના આમ નાગરિકોને ઉપયોગી થાય તે માટે તંત્ર કામે લાગ્યુ છે. આ મામલે અગાઉ તંત્ર કક્ષાએથી નવા જોડાણ મેળવવા માટે અરજીઓ પણ મંગાવામાં આવી હતી જયારે નળ સે જળ યોજના અન્વયે શહેરી વિસ્તારના ગામોમાં સર્વે પણ હાથ ધરાયો હતો. પાલજ અને ફતેપુરા સહીતના વિસ્તારમાં ઘરે ઘરે પાણી પહોંચતુ કરવા માટે નવી લાઈન નાંખવાનુ આયોજન કરાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ આ કાર્યયોજનાને અનુલક્ષી વહીવટી મંજુરી પણ આપી દેવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ જરૂર

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં આગામી ૨૩મીથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨,૮૬૮ બાળકો અને ગાંધીનગર શહેરમાં ૬૬૦ બાળકોની ધોરણ- ૧માં પ્રવેશવિધી સંપન્ન થશે : વર્ષ-૨૦૧૯-૨૦ માં ધોરણ- ૧ માં પ્રવેશ મેળવનાર ૧૩૩ કન્યાઓને અને ગાંધીનગરની ૨૩ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે

ગાંધીનગર,તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૩,૨૪અને ૨૫મી જૂનના રોજ શાળા પ્રવેશોત્સવ અને કેન્યા કેળવણી મહોત્સવ- ૨૦૨૨ યોજાશે. આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં યોજાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ- ૧ માં કુલ- ૧૨,૮૬૮ બાળકો પ્રવેશ મેળવશે. જયારે ગાંધીનગર શહેરી વિસ્તારમાં ૬૬૦ બાળકો ધોરણ- ૧ માં પ્રવેશ મેળવશે.

ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ રાજયકક્ષાએથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અનેશિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવની વિશેષ માહિતી આપવા વંદે ટીવી ચેનલના માધ્યમથી બ્રિફિંગ બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા.

કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને

યોજાયેલ બેઠકમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી અર્ચનાબેન પ્રજાપતિએ વિશેષ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય કક્ષાએ તા. ૨૩ થી ૨૫ જૂન- ૨૦૨૨ દરમ્યાન શાળા પ્રવેશોત્સવ યોજાશે. આ પ્રવેશોત્વમાં ૫૭૪ શાળાઓ માટે જિલ્લામાં કુલ- ૫૬ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. મહાનુભાવોને કલસ્ટર અનુસાર રૂટની ફાળવણી કરવામાં આવશે. શાળા પ્રવેશોત્સવમાં આવનાર પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ એક કલસ્ટરની ત્રણ શાળાઓની સવારના ૮ થી ૧.૩૦ કલાક દરમ્યાન મુલાકાત લેશે. શાળાની મુલાકાત દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો એસ.એમ.સી. સમિતિ સાથે પણ દરેક શાળામાં ખાસ બેઠક કરશે. તેમના સાથે ચર્ચા – વિર્મશ કરશે. તા. ૨૪મી જૂનના રોજ બી.આર.સી. દ્વારા તાલુકા કક્ષાએ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવશે. જેમાં તાલુકાની તમામ શાળાઓની સિધ્ધીઓ અને ભવિષ્યના આયોજન સાથે પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવશે. આ સીમક્ષા બેઠકમાં તે તાલુકાના રૂટમાં જનાર પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ- ૧માં કુમાર- ૬,૫૭૪ અને કન્યા ૬,૨૯૪ મળી કુલ- ૧૨,૮૬૮ બાળકોની પ્રવેશવિધિ સંપન્ન થશે. જેમાં દહેગામ તાલુકામાં કુમાર- ૧૮૪૧ અને કન્યા ૧૮૬૫ મળી કુલ- ૩,૭૦૬, ગાંધીનગર તાલુકામાં કુમાર- ૨૨૯૩ અને કન્યા ૨૦૭૫ મળી કુલ- ૪,૩૬૮, કલોલ તાલુકામાં કુમાર ૧૪૯૨ અને કન્યા ૧૪૩૨ મળી કુલ- ૨૯૨૭ અને માણસા તાલુકામાં કુમાર- ૯૪૫ અને કન્યા ૯૨૨ મળી કુલ- ૧૮૬૭ બાળકો ધોરણ- ૧ માં પ્રવેશ મેળવશે. તેમજ આંગણવાડીમાં કુમાર- ૨૬૬૩ અને કન્યા ૨૬૧૭ મળી કુલ- ૫૨૮૦ ભુલકાઓની પ્રવેશવિધી સંપન્ન કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગર ટીડીઓ તરીકે વિનોદ જોશીને નિયુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી પડેલી બે જગ્યા પૈકી એક જગ્યા આજે સરકાર દ્વારા ભરવામાં આવી છે.

ગાંધીનગર અને દહેગામ તા.વિ.અ.ની જગ્યા ખાલી પડી હતી. રાજ્યના પંચાયત વિભાગે આજે સાંજે કરેલા હુકમમાં ૧૦ તા.વિ. અધિકારીઓની બદલી કરી છે જ્યારે ૧૪ જેટલા નાયબ ચીટનીસને તા.વિ.અ. તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે વિનોદ જોશીની નિયુક્તી કરવામાં આવી છે. આ જગ્યાનો હાલ ચાર્જ નિલેશભાઈ પાસે છે. તેઓ વધારાના ચાર્જમાંથી મુક્ત થશે.

દહેગામ તા.વિ.અ. ચૌધરીની ના.જિ.વિ.અ. તરીકે બઢતી મળતાં તેમની જગ્યા પણ ખાલી છે જે હજુ પણ ખાલી રહેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિકાસ શાખામાં નાયબ ચીટનીસ તરીકે ફરજો બજાવતા સંજય ચૌહાણને તા.વિ.અ. તરીકે બઢતી આપી ભિલોડા તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

નાયબ ચીટનીસ સંજય ચૌહાણને બઢતી આપી તાલુકા વિકાસ અધિકારી તરીકે ભિલોડા મુકાયા

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

જિલ્લા પંચાયત સંકુલમાં સ્વચ્છતાનો મુદ્દો ફરી ચર્ચામાં

પંચાયત સંકુલમાં આવેલ શૈચાલયોની સફાઈ નિયમિત રીતે થતી નથી : બારીઓ પર ધૂળના થર જામી ગયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન સઘન બનાવવા માટેની સૂચનાઓ પછી પણ જિલ્લા પંચાયત સંકુલમાં જ સ્વચ્છતા અભિયાન અંગે ઉદાસીનતા જોવા મળી રહી છે.

પંચાયત સંકુલમાં આવેલ શૈચાલયોની સફાઈ નિયમિત રીતે થતી નથી એટલુ જ નહિ સંકુલની વિવિધ શાળાઓની બારીઓ પર ધૂળના થર જામી ગયા છે.

જિલ્લા પંચાયતમાં ચોમાસા પહેલા ધાબાની સફાઈ પણ કરવામાં આવી નહિ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા પંચાયત સંકુલમાં ઓફિસોની સફાઈ તેમજ નીચે પણ ભોંયતળિયે પણ સફાઈ પૂર્ણ રીતે નહિ થતી હોવાનું જોવા મળ્યું છે.

પંચાયત સંકુલમાં ખુલ્લા વાયરો પણ કર્મયોગીઓમાં ચિંતાનું કારણ બન્યા છે. સંકુલમાં બીજા અને ત્રીજા માળે વારંવાર ટ્રીપીંગ થતુ હોવાની ફરિયાદો પણ હવે સામાન્ય બનીને ઉભરી આવી છે. પાટનગરમાં જ આવેલ કચેરીની સ્વચ્છતા સામે પ્રશ્નાર્થો હોય તો પછી અન્ય સ્થાનો પર સ્વચ્છતા અભિનાની સૂચનાઓનું પાલન કેવુ થતુ હશે તેને લઈ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com